U.S. Small Business Administration

# હોનારત સહાય કચેરી

## લક્ષ્યાંકિત EIDL એડવાન્સ ઝાંખી

**COVID-19 લક્ષ્યાંકિત EIDL એડવાન્સ** પર સખત અસર થયેલ નાના બિજનેસો, નોન-પ્રોફિટ્સને આર્થિક સહાયતા અને વેન્યૂઝ એક્ટનાં ભાગરૂપે ડીસેમ્બર 27, 2020 નાં રોજ કાયદા તરીકે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. લક્ષ્યાંકિત EIDL એડવાન્સ નાના બિઝનેસની સાતત્યતા, સ્થાતિસાનુકૂળતા અને ટકી રહેવાનું સુનિસ્ચિત કરવા માટે ઓછી-આવક ધરાવતા સમુદાયોમાં સ્થિત બિઝનેસોને વધારાનાં ભંડોળ પ્રદાન કરે છે.

અગાઉ $10,000 કરતા ઓછી EIDL એડવાન્સ મેળવી હતી, અથવા જેઓએ અરજી કરી હતી પરંતુ ઉપલબ્ધ પ્રોગ્રામ ભંડોળની ઉપલબ્ધતાનાં અભાવે કોઇ ભંડોળ મળ્યું ન હોય તેવા ઓછી આવક ધરાવતા સમુદાયોમાં સ્થિત અરજકર્તાઓને **$10,000 સુધીનાં** એડવાન્સ ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**અરજકર્તાઓએ આ સમયે કોઇ કાર્યવાહી કરવાની જરૂર નથી.**

**જો તમે લાયક બનતા હોવ તો SBA તમારો સંપર્ક કરશે!**

SBA દ્વારા પ્રથમ એવા EIDL અરજકર્તાઓનો સંપર્ક કરવામાં આવશે જેઓએ અગાઉ આંશિક EIDL એડવાન્સ પ્રાપ્ત કરી હતી (દા.ત. $1,000 - $9,000 વચ્ચે). આગામી સપ્તાહોમાં લાયકાતનું નિર્ધારણ કરવાની અને દસ્તાવેજો સબમિટ કરવાની સૂચનાઓ સાથે SBA દ્વારા ઇમેઇલ મારફત સીધો જ અરજકર્તાઓનો સંપર્ક કરવામાં આવશે.

**SBA તરફથી તમામ સંચારો @sba.gov સાથે સમાપ્ત થતા અધિકૃત સરકારી ઇમેઇલ પરથી મોકલવામાં આવશે. કૃપા કરીને @sbs.gov સાથે સમાપ્ત ન થતા હોય તેવા કોઇપણ ઇએડ્રેસને ઇમેઇલ મારફત સંવેદનશીલ માહિતી મોકલશો નહીં.**

અરજકર્તાઓ લાયક થઇ શકે છે જો તેઓ:

- **નીચી-આવક ધરાવતા સમુદાયમાં સ્થિત હોય.** "નીચી-આવક ધરાવતા સમુદાય" માટેની વ્યાખ્યા ઇન્ટર્નલ રેવન્યુ કોડનાં સેક્શન 45D(e) માં વ્યાખ્યાયિત કરી છે. કૃપા કરીને નોંધ લેશો કે લાયક થવા માટે અરજકર્તા નીચી-આવક ધરાવતા સમુદાયમાં ***સ્થિત*** હોવા અનિવાર્ય છે. SBA દ્વારા નીચી-આવક ધરાવતા સમુદાયોની ઓળખ કેવી રીતે કરવામાં આવશે તેનાં પરની વધારાની વિગતો ટૂંક સમયમાં અહીં પર ઉપલબ્ધ બનશે www.sba.gov/coronavirusrelief; **અને**

- માર્ચ 2, 2020 અથવા બાદમાં શરૂ થતા 8-સપ્તાહનાં સમયગાળા દરમિયાન **આવકમાં 30% કરતા વધારે ઘટાડાનું નિરૂપણ કરતા હોય.** જો અરજકર્તા ઓછી-આવક ધરાવતા સમુદાયનાં માપદંડ પૂર્ણ કરે છે, તો તેઓને 30% નાં ઘટાડાની પુષ્ટિ કરવા માટે એકંદર માસિક આવક (પ્રાપ્ત થયેલી તમામ સ્વરૂપની માસિક આવક, જેમ કે નફાઓ અથવા પગારો) પ્રદાન કરવા માટે પૂછવામાં આવશે.

ત્યાપ બાદ, SBA દ્વારા એવા લોકોનો સંપર્ક કરવામાં આવશે જેઓએ ડીસેમ્બર 27, 2020 પર અથવા પહેલા EIDL સહાય માટે અરજી કરી હતી, પરંતુ પ્રોગ્રામ ભંડોળની ઉણપનાં કારણે EIDL એડવાન્સ પ્રાપ્ત કરી ન હતી. આ અરજકર્તાઓ લાયકાતનું નિર્ધારણ કરવાની અને દસ્તાવેજો સબમિટ કરવાની સૂચનાઓ સાથેનો ઇમેઇલ SBA પાસેથી પ્રાપ્ત કરશે. અરજકર્તાઓ લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે લાયક થઇ શકે છે જો તેઓ ઉપર જણાવેલ માપદંડ પૂર્ણ કરે (નીચી-આવક ધરાવતું સ્થળ અને આવકમાં ઘટાડો) અને:

- **300 અથવા ઓછા કર્મચારીઓ ધરાવતા હોય.** સામાન્ય રીતે EIDL પ્રોગ્રામ માટે લાયક બિઝનેસ સંસ્થાઓ લાયક છે, એકમાત્ર પ્રોપરાઇટરો, સ્વતંત્ર ઠેકેદારો અને પ્રાઇવેટ, નોનપ્રોફિટ સંસ્થાઓ સહિત. કૃષિ એન્ટરપ્રાઇઝો લાયક નથી.

અરજકર્તા વતી કરવેરા રીટર્નની માહિતીની વિનંતી કરવાની SBA ને અનુમતિ મળે તે માટે તમામ અરજકર્તાઓને **IRS ફોર્મ 4506-T** પ્રદાન કરવા માટે કહેવામાં આવી શકે છે.

**કૃપા કરીને ડુપ્લિકેટ COVID-19 EIDL અરજીઓ સબમિટ ન કરશો. માત્ર પૂર્વેનાં અરજકર્તાઓને લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે લક્ષ્યમાં લેવામાં આવશે.**

**જો તમે લાયક બનતા હોવ તો SBA તમારો સંપર્ક કરશે!**